# **ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)**
તેના **આર્ટ્સ પ્રેક્ટિસ** કાર્યક્રમ હેઠળ
**પ્રોડક્શન્સ (નિર્માણ)**
માટે અરજીઓ આમંત્રિત કરે છે.

**અરજી કરવાની છેલ્લી તારીખ: 5 જુલાઈ, 2024 (July 05, 2024)**

આર્ટ્સ પ્રેક્ટિસ કાર્યક્રમ એવી પરિયોજનાઓને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે જ્યાં કલાકારો એમના વર્તમાન કલાકારીના કાર્યક્ષેત્રને નવી દિશાઓમાં વિસ્તૃત કરતા હોય. પ્રયોગશીલતાની ભાવનાને આગળ રાખી, આ પરિયોજનાઓ સ્વીકૃત પરંપરાઓને પડકારી શકે છે; સામગ્રી, સ્વરૂપ અને માધ્યમના સંદર્ભમાં નવી સીમાઓને આગળ ધપાવી શકે છે; સ્થાન, પ્રેક્ષકો અને સમુદાયો સાથે જોડાણની નવી રીતોનું અન્વેષણ કરી શકે છે.

**પ્રોડક્શન્સ:**
કલાકારો પોતાની કલા-યાત્રાના એવા તબક્કે પહોંચે છે જ્યાં તેઓ સ્થાપિત માળખાને પડકારીને અને/અથવા કલાત્મક કાર્યના સર્જન તેમજ પ્રસ્તુતિ દ્વારા નવી શક્યતાઓની શોધ કરીને, પોતાની કલાકારીનું પુનઃમૂલ્યાંકન/પુનઃકલ્પના કરવાની જરૂરિયાત અનુભવે છે. તપાસ અને પ્રયોગશીલતાની ભાવનાને મૂર્તિમંત કરે એવી શોધ આ પ્રકારના પ્રોડક્શન્સ (નિર્માણ) નું સ્વરૂપ લઈ શકે છે.

આર્ટ્સ પ્રેક્ટિસ કાર્યક્રમ હેઠળ, અમે એવા પ્રોડક્શન્સ (નિર્માણ) માટે દરખાસ્તો આમંત્રિત કરીએ છીએ જે આવા સર્જનાત્મક સંશોધનમાંથી ઉદ્ભવતી હોય. આ દરખાસ્તોમાં અભિનય, શ્રાવ્ય, દ્રશ્ય કળા, ડિજિટલ સર્જન, સાહિત્ય અથવા આ તત્વોને સમાવતી આંતર-શાખાકિય કૃતિ જેવા વિવિધ સ્વરૂપોનો સમાવેશ થઇ શકે છે. અમે એવી પ્રોડક્શન દરખાસ્તોને પ્રોત્સાહિત કરીએ છીએ જે દસ્તાવેજી અથવા કાલ્પનિક ફિલ્મ નિર્માણથી પર હોય, તેમજ નાટ્ય, નૃત્ય અને સંગીત પ્રસ્તુતિ, સ્થાપન (ઇંસ્ટોલેશન), પ્રદર્શન, પુસ્તક કે સામયિકનું પ્રકાશન, ચલચિત્ર પ્રસ્તુતિ, રમત, ડિજિટલ કલાકૃતિ અને અન્ય, હજુ જેમની કલ્પના કરવાની બાકી છે એવા અન્ય નવીન સ્વરૂપ માટેની દરખાસ્તો આવકાર્ય છે.

**પરિયોજનાની અવધિ:** 18 મહિના સુધી

**બજેટ:** મહત્તમ રૂ. 5,00,000/- સુધી (આપ સૂચિત બજેટના 35% કરતા વધુ ન હોય તેવા માનદ વેતન માટે વિનંતી કરી શકો છો.)

**અરજી કરવાની છેલ્લી તારીખ:** 5 જુલાઈ, 2024

**પરિયોજના માટે કોણ દરખાસ્ત મોકલી શકે છે?**

આ કાર્યક્રમ તમામ શાખાઓના પ્રેક્ટિશનર કે જેઓ પોતાના ક્ષેત્રમાં અથવા બહુવિધ ક્ષેત્રમાં કામ કરતા હોય એવા કલાના પ્રેક્ટિશનરને દરખાસ્ત રજૂ કરવા માટે આમંત્રિત કરે છે. આમાં સમાવિષ્ટ છે:

- અભિનય કલાકારો જેવા કે સંગીત, શ્રાવ્ય, સાહિત્ય, નૃત્ય, ચળવળ, નાટ્ય, કઠપૂતળી, વાર્તા કથન, જાદુ, સર્કસ અને અન્ય અભિનય કલાઓમાં કાર્યરત અભિનય કલાકારો

- દ્રશ્ય (વિઝ્યુઅલ) કલાકારો જેવા કે ફિલ્મ (દસ્તાવેજી અને કાલ્પનિક), એનિમેશન, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન, ન્યૂ મીડિયા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક્સ, ઇન્ટરેક્ટિવ આર્ટ, ગેમિંગ, પેઇન્ટિંગ, શિલ્પકલા, મુદ્રણકળા (પ્રિન્ટ મેકિંગ), કોમિક બુક, ગ્રાફિક નેરેટિવ, આર્ટિસ્ટ બુક અને અન્ય દ્રશ્ય (વિઝ્યુઅલ) કળા જેવા સ્વરૂપોમાં કાર્યરત દ્રશ્ય (વિઝ્યુઅલ) કલાકારો.

- સંગ્રહાલય પરિરક્ષક (ક્યુરેટર), ખાસ કરીને જેઓ ગેલેરી સંદર્ભની બહાર કાર્યરત હોય.

- કવિ, નવલકથાકાર, નાટ્યકાર કે જેઓ સાહિત્યિક કળા સાથે કાર્ય કરતા હોય.

- આંતર-શાખાકિય કાર્યમાં કાર્યરત પ્રેક્ટિશનર

**પાત્રતા:**

જો આપ ભારતીય નાગરિક છો, તો પરિયોજનાની દરખાસ્ત મોકલવા માટે આપ પાત્ર છો, અને આપના સહયોગીઓ પણ ભારતીય નાગરિક હોવા જ જોઈએ. વધુ વિગતો માટે કૃપયા **અહીં** ક્લિક કરો.

**દરખાસ્ત મોકલવા અંગે માર્ગદર્શિકા:**

અમને આપનો CV (સરનામું, ફોન નંબર અને ઈમેલ આઈડી સાથે) અને નીચે મુજબ વિગતો વર્ણવતી દરખાસ્ત મોકલશો:

- એક પ્રેક્ટિશનર તરીકે આપની હાલની કળાની પ્રેક્ટિસ, નિસબત અને રુચિઓ
- આપ જે પ્રોડક્શન (નિર્માણ) બનાવવા માંગો છો તેની વિગતો અને તેનું કારણ
- વિગતવાર સમયરેખા અને બજેટ
- અગાઉના કાર્યના ઉદાહરણો

**દરખાસ્તની રજુઆત:**

- આપ અંગ્રેજી સહિત કોઈપણ ભારતીય ભાષામાં આપની દરખાસ્ત તૈયાર કરી શકો છો. IFA અંગ્રેજી ઉપરાંત અન્ય ભારતીય ભાષાઓની પરિયોજનાને પણ પ્રોત્સાહિત કરે છે.
- જો આપ આપની દરખાસ્ત મોકલતા પહેલા પરિયોજના સંબંધિત વિચાર અથવા પ્રશ્નોની ચર્ચા કરવા માંગો છો તો, કૃપા કરીને **mridupankhi@indiaifa.org** પર **21 જૂન, 2024** પહેલા લખી જણાવશો .
- આપની અંતિમ દરખાસ્ત, તમામ સહાયક સાધન-સામગ્રી સાથે, એક જ ઈમેઈલમાં સાઈઝ 25 MB થી વધે નહિ તે રીતે, **5 જુલાઈ, 2024**ના રોજ અથવા તે પહેલા **mridupankhi@indiaifa.org** પર ઓનલાઈન મોકલવાની રહેશે.

કૃપા કરીને નોંધ લેશો કે અપૂર્ણ દરખાસ્તો અને જ્યાં અરજદારો પાત્રતાના માપદંડ સંતોષતા નથી, એવી દરખાસ્તો અમાન્ય લેખાશે.

**પસંદગી પ્રક્રિયા:**

લાયક અને પાત્રતા ધરાવતી દરખાસ્તોનું મૂલ્યાંકન બાહ્ય તજજ્ઞોની પેનલ દ્વારા કરવામાં આવશે અને અરજદારોએ એમની પરિયોજના સંબંધિત વિચારોને પેનલ સમક્ષ રજૂ કરવાના રહેશે. અમલીકરણ માટે પસંદ કરાયેલ પરિયોજનાઓની જાહેરાત સપ્ટેમ્બર 2024માં કરવામાં આવશે. પરિયોજના પસંદગી સંબંધિત IFA દ્વારા લેવાયેલ નિર્ણય આખરી રહેશે.

**પસંદગી પામેલ તમામ પરિયોજનાઓ IFA દ્વારા અમલમાં મૂકવામાં આવશે.**

***કૃપા કરીને નોંધ લેશો કે IFA એ એક સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે પ્રતિબદ્ધ છે જે બાળકો સહિત દરેકને સમર્થન, સન્માન અને રક્ષણ આપે છે. અરજદારે આ સાથે સહમત હોવું જ જોઈએ અને હંમેશા તેનું સમર્થન કરવું જ જોઈએ.***